





ગાંધીનગરમાં લાઈનો યથાવત : નોટબંધીના એક મહિનાના અંતે પણ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં રોકડ માટે બેંકો પર અને એટીએમ પર લાઈનો યથાવત રહી. એટીએમ મોટે ભાગે બંધ હોય છે કે બગડેલા હોય છે. જ્યારે બેંકો પર રોકડ ઉપાડવાની મર્યાદાઓ સાથે સાથે ઉપાડનારાઓની સંખ્યા પણ વધુ વધતી હોવાથી બેંકો પર લાઈનો રોજ સવારથી લાગી જાય છે. નોટબંધીના પરિણામો જે આવે તે અને જ્યારે આવે ત્યારે પરંતુ આજે તો સામાન્ય વર્ગ પોતાના ખાતામાંથી પોતાના નાણા ઉપાડવામાં લાઈનમાં ઉભો રહે છે.

# ગાંધીનગર પંચાયતના પાંચ સંવર્ગની ભરતી માટે ૨૮,૧૪૪ ઉમેદવારોની અરજી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની જુદા જુદા પાંચ સંવર્ગની ખાલી જગ્યાઓ પર ભરતી માટે ૨૮,૧૪૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૪ જુ. કારકુનની જગ્યા માટે ૧૩,૩૬૨ તો ૧૭ તલાટીની જગ્યા માટે ૧૩,૬૦૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

૧૨ મલ્ટીપરપઝ હેલ્થ વર્કર માટે ૩૬૬, ૨૩ ફિમેલ હેલ્થ વર્કર જગ્યા માટે ૨૬૭ અને ૪૨ ગ્રામ સેવકની જગ્યા માટે ૫૪૫ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

૧૨મી ફેબ્રુઆરીથી ૧૯મી ફેબ્રુઆરી વચ્ચે આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજી અને ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરાશે. પંચાયતોમાં ભરતી માટેના અધિકારો પંચાયત સેવા પસંદગી મંડળને સરકારે સુપ્રત કર્યા હોવાથી હવે આ ભરતી પ્રક્રિયા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા હાથ ધરવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં ૧૧૮ જેટલી જગ્યાઓ પર ભરતી કરવામાં આવનાર છે. જો કે ૩૦૦થી વધુ જગ્યાઓ ખાલી પડેલી છે. પરંતુ હાલ આટલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ક્રેડિટ, ડેબીટ, આધાર, ચૂંટણી, રેશનીંગ કાર્ડ રાખી શકાય તેવું ખીસ્સુ આ ધોતીમાં સીવી દે...!

# નિષ્પક્ષ ચૂંટણી માટે તંત્રએ જુદા જુદા જાહેરનામા પ્રસિદ્ધ કર્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં પંચાયતની ચૂંટણીને પગલે પરવાનેદાર હથિયાર ધારકોને તેમના હથિયાર જે તે પોલીસ મથકની હદમાં જમા કરાવી દેવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટની સહિથી જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યું છે.

જિલ્લામાં ૧૯૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી ૨૭મી ડિસેમ્બરના રોજ યોજાવાની હોવાથી ચૂંટણી સંલગ્ન ચાર જેટલા જુદા જુદા જાહેરનામા જિલ્લા તંત્ર દ્વારા બહાર પાડી દેવામાં આવ્યા છે.

ચૂંટણી પ્રચાર સાહિત્યમાં મુદ્રકનું નામ લખવુ ફરજીયાત હોવા ઉપરાંત ભીંત પર સૂત્રો લખવા માટે ખાનગી માલિકીની મંજૂરી જરૂરી હોવાની બાબતે તેમજ લાઉડ સ્પીકર કે રિક્ષા પ્રચાર માધ્યમ તરીકે વાપરવા માટે પણ જિલ્લાના સક્ષમ અધિકારી પાસેથી મંજૂરી લેવાની ફરજીયાત હોવાનું આ જાહેરનામામાં દર્શાવાયું છે.

જિલ્લા તંત્રના અધિકારી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હજુ વધુ બે થી ત્રણ જાહેરનામા આગામી દિવસોમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સૂત્રોએ સ્વીકાર્યુ હતુ કે ચૂંટણીની જાહેરાત થતાં જ આ જાહેરનામાની પ્રસિદ્ધિ કરવામાં આવી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણી પંચે ખર્ચની મર્યાદા પણ નિયત કરેલ છે. આ ઉપરાંત ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનો પણ અમલ શરૂ થઈ ચુક્યો છે. જો કે હજુ સુધી આદર્શ આચાર સંહિતા ભંગની ફરિયાદ મળી નથી.

દરમ્યાન સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આગામી સપ્તાહના આરંભે ચૂંટણી માટે નિરીક્ષક તરીકે પંચ દ્વારા અધિકારીઓની નિયુક્તી કરી દેવામાં આવશે.

# જિલ્લા કચેરીઓની બીજા શનિવારની અને ૧૨મીની રજા ગઈ !

ગાંધીનગર, તા. ૮

૧૦મી તારીખે બીજો શનિવાર હોવાથી રાજ્ય સરકારની કચેરીઓમાં રજા રહેશે પરંતુ જિલ્લામાં પંચાયતોની ચૂંટણીમાં ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ હોવાથી જિલ્લા કચેરીઓ ચાલુ રહેશે.

૧૦મીએ વિશ્વ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવાની હોવાથી પણ જિલ્લા કચેરીઓમાં સૌને હાજર રહેવા જણાવી દેવામાં આવ્યુ હોવાનું બિનસત્તાવાર સાધનોએ જણાવ્યું છે.

બીજી તરફ ૧૨મીએ કેન્દ્ર સરકારે રજા જાહેર કરી છે પરંતુ ઉમેદવારીપત્રોની ચકાસણી હોવાથી પણ જિલ્લાની કચેરીઓ કાર્યરત રહેશે.

જિલ્લા તંત્રના કર્મચારીઓમાં ચાલી રહેલી ચર્ચા મુજબ હવે વાયબ્રન્ટ પૂર્ણ નહિ થાય ત્યાં સુધી અમારી કચેરીઓમાં રજા નહિ મળે અને રોજ કચેરીઓ કાર્યરત રહેશે. જાન્યુઆરીમાં ૧૦ થી ૧૩ જાન્યુ.ના રોજ મહાત્મા મંદિરમાં વાઈબ્રન્ટ ૧૭નું આયોજન કરાયું છે.



વાયબ્રન્ટ ઈફેક્ટ : આગામી માસમાં વાયબ્રન્ટ સમિટના પગલે શહેરને સોળે કળાએ શણગારાશે. સેન્ટ્રલ વિસ્ટામાં રંગબેરંગી ફુલો માટે છોડ રોપવામાં આવી રહ્યા છે. પ્રાકૃતિક વૈભવનો માહોલ નિર્માણ કરાશે.

# પીજી બોયઝ હોસ્ટેલની પાણીની ટાંકીમાં લીલનું સામ્રાજય

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલ સંકુલ ખાતે આવેલ પીજી હોસ્ટેલના ધાબા પર લીલનું સામ્રાજય છવાયું છે. ધાબા પર અને પાણીની ટાંકી પર છવાયેલા સામ્રાજયને પગલે સિનિયર અને જુનિયર રેસીડન્ટ ડોકટરના આરોગ્ય સામે પણ ખતરો ઉભો થવા પામ્યો છે.પાણીના પોંકાર ઉઠે છે ત્યારે લીલવાળું પાણી વપરાશ માટે પણ અયોગ્ય હોવા છતા ના છુટકે પીજી હોસ્ટેલમાં રહેતા રેસીડન્ટ ડોકટરને ઉપયોગ કરવો પડી રહ્યો છે. હોસ્પિટલના સતાધિશોને આ અંગે અનેકવાર રજુઆત કરવા છતા યોગ્ય નિરાકરણ આવ્યું નથી. ત્યારે હોસ્પિટલમાં આવતા દર્દીઓને સારવાર આપી સ્વસ્થ કરવાની જવાબદારી જેના શીરે છે તે રેસીડન્ટ ડોકટરો જ ગમે ત્યારે બિમારીનો ભોગ બની શકે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. ત્યારે તાત્કાલીક અસરથી પાણીની ટાંકી તેમજ ધાબા પર સફાઈ કામ હાથ ધરવામાં આવે તેવી માંગ પીજી હોસ્ટેલમાં ઉઠવા પામી છે. સંકુલમાં નિર્માણાધિન હાઈરાઈઝ પીજી હોસ્ટેલમાં મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ જુનિયર તેમજ સિનિયર રેસીડન્ટ ડોકટર વસવાટ કરે છે. આ બિલ્ડીગમાં પાણી માટે વલખા મારવા પડે છે. વિદ્યાર્થીઓ છાશવારે પાણી માટે

● અનુસંધાન પાના - ૭ પર

# પૂજ્ય મોરારીબાપુના લઘુબંધુની સમાધિને શ્રદ્ધા સુમન અર્પતા ભાજપ પ્રદેશ પ્રમુખ

ગાંધીનગર, તા.૮

ભાજપ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ પૂજય સંત મોરારીબાપના લઘુબંધુ કિશોરભાઈના ગઈ કાલે થયેલા અવસાન અંગે દુઃખની લાગણી વ્યકત કરી હતી.

શ્રી વાઘાણીએ આજે ચિત્રકૂટ-ધામ, તલગાજરડા, મહુવા ખાતે કિશોરભાઈની સમાધિને શ્રદ્ધાસુમન અર્પ્યા હતા તથા પૂજય મોરારીબાપુ અને કિશોરભાઈના પરિવારજનોને મળી સંવેદના વ્યકત કરી હતી.

# પાસના આગેવાનો સાથે રાજય સરકારની ચર્ચા

ગાંધીનગર, તા.૮

રાજયમાં ચાલી રહેલા પાટીદાર આંદોલન સંદર્ભે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સંવેદનશીલ અભિગમ દાખવી વાટાઘાટો કરવા સામેથી આમંત્રણ અપાયુ હતું તે સંદર્ભે અગાઉ ૧ લી ડીસેમ્બરના રોજ નાયબ મુખ્યમંત્રીશ્રી, કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા અને જળસંપત્તિ રાજ્ય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી સાથે પાસના ૧૧ કન્વીનરોએ મીટીંગ કરી હતી, અને આજે પણ પાસના કન્વીનરો સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ચર્ચાઓ કરી હતી. તેમના દ્વારા અન્ય રાજયોમાં અપાયેલ અનામત સંદર્ભે વિવિધ પુરાવાઓ રજુ કર્યા છે, આ પુરાવાઓનો કાયદાકીય અભ્યાસ



કર્યા બાદ આગામી બેઠક મળશે તે માટે આજની બેઠકમાં બંને પક્ષે સહમતી સધાઈ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતુ કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ સૌનો સાથ સૌનો વિકાસને ચરિતાર્થ કરવા માટે તમામ વર્ગોનો સહયોગ મેળવવાનો નિર્ધાર કરીને તમામ સમાજોના પ્રશ્નોને સામેથી સાંભળવાનો નિર્ણય કર્યો છે. પાસના કન્વીનરોને અગાઉ પણ બોલાવીને જે ચર્ચાઓ કરી હતી તે તમામ વિષયો પરત્વે આજે પણ બંને પક્ષે સવિસ્તૃત ચર્ચાઓ થઈ છે. કાયદાકીય રીતે તથા બંધારણીય રીતે કઈ રીતે પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે બંને પક્ષો દ્વારા સઘન પરામર્શ આજે થયો છે. તેઓ દ્વારા આજે રાજ્ય સરકારને વિવિધ કોર્ટના ચુકાદાઓ તથા વિવિધ કમિશનના અહેવાલોના પુરાવાઓ રજુ કરાયા છે તે સંદર્ભે રાજય સરકાર કાયદાકીય માર્ગદર્શન મેળવશે ત્યારબાદ આગળની કાર્યવાહી રાજ્ય સરકાર હાથ ધરશે.

# હજુ, આર્થિક અરાજકતા યથાવત : વેપાર-ધંધામાં મંદી

ગાંધીનગર, તા. ૮

નોટબંધીને આજે એક મહિનો પુર્ણ થયો છે. તેમ છતાં હજુ રોકડ સ્થિતિ યથાવત બની નથી. સામાન્ય નાગરિકો બેંકોના ધક્કા ખાઈ રહ્યા છે તો વેપારીઓ ધંધો ઠપ્પ થઈ ગયાની ફરિયાદ કરે છે. નોટબંધીની લાબાગાળાની અસર અર્થતંત્રમાં વેગ લાવશે તેવા દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ હાલમાં તો આ નોટબંધીની કારણે તમામ ઉદ્યોગ ધંધામાં મંદી આવી ગઈ છે. અર્થતંત્રને ભારે ફટકો પડ્યો છે.

નોટબંધીની સારી અસરો તો ખબર નહી ક્યારે દેખાવવી શરૂ થશે પરંતુ હાલમાં તો ચારેતરફ મંદીનો માહોલ છે. વેપારીઓનો ધંધો ચાલતો નથી તો કારખાનેદારોને રોકડની તંગીના કારણે શ્રમિકોને છૂટા કરવાની ફરજ પડી છે. કામકાજના ભોગે પૈસા મેળવવા લોકોને બેંકોની કતારમાં ઉભા રહેવુ પડે છે. લાંબાગાળે સામાન્ય જનતાને ટેસડા થશે અને કતારમાં ઉભા રહેવુ દેશભક્તિથી ઓછુ નથી એવું જણાવી સરકાર અને ભાજપના નેતાઓ લોકોનો વાંસો પસવારી રહ્યા છે. જો કે લોકમુખે હવે જુદી જ ચર્ચા ચાલી રહી છે અને ઉદ્યોગકારોની હાલત દિનપ્રતિદિન કથળતી જઈ રહી છે. અર્થતંત્રએ થોડાક સમય પહેલા જ

## અર્થતંત્રની ગાડી પાટે ચઢી પુરપાટ દોડવા સજ્જ થઈ રહી હતી ત્યાં જ નોટબંધી આવતા ખડી પડી

ગતિ પકડી હતી. સારા ચોમાસાના કારણે ગ્રામિણોની માંગ વધી હતી.

૭મા વેતનપંચની ભલામણોનો અમલ કરાતા શહેરીજનોની ખરીદી નીકળી હતી. વર્ષ ૨૦૧૭માં ૮ ટકા વિકાસ દર હાથવગો લાગતો હતો, હવે એ આંકડો ક્ષિતિજ પર પણ દેખાતો નથી, રદ કરાયેલ નોટો સામે ચોથા ભાગની નવી કરન્સી આવી છે અને લોકો એનો પણ સંઘરો કરવા લાગ્યા છે. માંગમાં થયેલ ઘટાડાના કારણે રોકાણનું સેન્ટીમેન્ટ વધુ ખરડાશે. એમ્બીટ માને છે કે વિકાસ વર્ષ ૨૦૧૭માં ઘટી ૩.૫ ટકા થઈ જશે.

આવી સ્થિતિને તજજ્ઞો નકારાત્મક ગણે છે, તેમના જણાવ્યા મુજબ સેન્ટીમેન્ટ વધારવાની જરૂર છે. માંગને પ્રેરવા કોર્પોરેટ ટેક્સ ઘટાડી ૨૫ ટકા કરવો જોઈએ. આવકવેરો ભરતા લોકો માટે ટેક્સ સ્લેબ વધારવા જોઈએ જેથી અસરકારક કર ઘટી શકે.

નોટબંધી પછી એની રોજગારી પર અસર વિશે નિષ્ણાંતો કહે છે કે સિનીયર કક્ષાએ કોઈની નોકરી ગઈ નથી પણ સમગ્રતયા ભરતી ઓછી છે. મેનેજરો હાલમાં આવક-નફાના ટાર્ગેટ સુરક્ષિત કરવા પગલાં ભરી રહ્યા છે. મોટી કંપનીઓ છટણી કરવા માંગતી નથી, પણ રિટેલ કન્ઝ્યુમર ગુડ્સ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર લોજીસ્ટીકલ ક્ષેત્રે રોજગારીને વધુ અસર થઈ છે. એ સામે મોબાઈલ વોલેટ અને ફિનટેક કંપનીઓમાં ભરતી વધી છે.

નિષ્ણાંતો આ મુદ્દે સ્થિતિ થોડી નકારાત્મક જુએ છે, પણ ભવિષ્યમાં સુધરે એ માટે આશાવાદી છે.

હાલની રોજગારીની પરિસ્થિતિના ઉકેલ માટે નિષ્ણાંતો કહે છે કે ફન્ડામેન્ટલ્સ સારા છે, પણ સામાન્ય સ્થિતિ જેટલી ઝડપથી ફરી સ્થપાઈ એટલું વધુ સારૂ. નોટબંધીના કારણે હવે ઔપચારિક નોકરીઓનું સર્જન થશે, જ્યારે અનૌપચારિક નોકરીઓ ઘટશે.

કન્ઝ્યુમર સ્પેન્ડ, એટલે કે ગ્રાહકોના ખર્ચ બાબતે નિષ્ણાંતો કહે છે કે બે ક્વાર્ટર સુધી ગ્રાહક ખર્ચ કરવામાં કંજુસાઈ કરશે. ગ્રાહકો સમક્ષ નાની નોટ મેળવવાની સમસ્યા છે. એ કદાચ ટુંકાગાળાની છે. બીજી સમસ્યા મૂલ્યમાં ઘસારાની છે. એ કારણે લોકો મોટી રકમની ખરીદી ટાળી રહ્યા છે. એફએમસીજી વેચાણ ૨૦-૩૦ ટકા ઘટ્યું હતું. બિસ્કીટથી માંડી કેટલી ચીજવસ્તુઓનો વેચાણને માઠી અસર થઈ છે. નવેમ્બર કરતાં ડિસેમ્બર વધુ આકરો પુરવાર થશે. કેટલીક એફએમસીજી કંપનીઓને ઉત્પાદન ઘટાડ્યું છે.

૫૦૦ અને ૧૦૦૦ની નોટો અચાનક ચલણમાંથી પાછી ખેંચાઈ એ બાબતે રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલા વર્તુળો કહે છે કે મુંબઈ, દિલ્હી, બેંગાલુરુ અને પૂણે જેવા શહેરોમાં પુછપરછ અને વેચાણમાં ૪૦ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. સેકન્ડરી માર્કેટ (રિસેલ) બિલકુલ ઠપ્પ થઈ ગયું છે. બેંગાલુરૂમાં તો સોદા ૬૦ ટકા સુધી પુરા થતાં અટકી ગયા છે. મોટાભાગના ગ્રાહકો ભાવઘટાડાની આશા રાખી રહ્યા છે. કાળા નાણાના વ્યવહારોની બીક અને રોકડની તંગીના કારણે અન્યથા પણ મંદ પડેલા જમીન-મકાન ક્ષેત્રને વધુ ફટકો પડ્યો છે.

● અનુસંધાન પાના - ૭ પર

Govt. of Delhi Regd. No. 3809 (India) www.bhse.co.in
Board of Higher Secondary Education, Delhi
Regd. Office : Lucknow 536/190/Madheyganj Khadra, Sitapur Road, Lucknow, UP-226020
Help Line : 9599121061
E-mail : bhseboarddelhi2012@gmail.com
10वीं व 12वीं फेल छात्र निराश न हों
दसवीं व बारहवीं पास करके अपना भविष्य बना सकते हैं।
8वीं पास - 10वीं करें और 10वीं पास - 12वीं करें।
प्राईवेट स्कूल व कोचिंग सेंटर
मान्यता प्राप्त बोर्ड से पत्राचार कोर्स की मान्यता लेकर अपना ब्रांच खोलें और लाखों में कमाएँ
प्रशिक्षण माधयम हिन्दी-अंग्रेजी, उर्दू, मराठी, पंजाबी, बंगाली, संथाली मान्यता : दिल्ली, मधयप्रदेश, बिहार, मिजोरम, जम्मू, कलकता, हिमाचल, उत्तर प्रदेश, राजस्थान, उड़ीसा, सिक्किम आदि दसवीं व 12वीं
प्रत्राचार कोर्स अवधि : छः महिने (सही भाषाओं में)
आप अपने जिले में हमारे बोर्ड का शिक्षा केन्द्र भी खोल सकते हैं जिसका शुल्क 55,000/- रूप्ये हैं।
Last Date 31-12-2016
Our board is affiliated by All State / Central Government under Article 14 Act 1921 and has been recognised by MHRD
All exams will be held in April 2017 in All over India and results will be declared in 1st week of June 2017
तुरन्त पूरी जानकारी पाने हेतु अपना ईमेल आईडी हमारे मोबाईल या मेल पर भेजें।